Extra No. 352

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, NOVEMBER 19, 2025 / KARTIKA 28, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૨૦૨૫

વંચાણે લીધા :-

૧: રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૫-૦૯-૨૦૧૫ના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૦)નો.૨.નં.૨૭-૯૨૦૧૫-ક

૨: રાજ્ય ચૂંટણી આયોગની તા.૧૮-૦૯-૨૦૨૫ની જાહેર નોટિસ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧ (૩૦) નો.૨.નં.૨૭-૯૨૦૨૫-ક/ ૧૮૭૪૮૧ થી ૧૮૭૬૨૦

ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૦)નો.૨.નં.૨૭-૧૧૨૦૨૫-ક/૧૯૧૩૯૧ થી ૧૯૧૫૩૪:- ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ અને ૨૪૩-વ ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યમાં યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૩૦)-નો. ૨.નં.૨૭-૯૨૦૨૫-ક, તા.૧૫-૦૯-૨૦૧૫થી **'ભારતીય રાષ્ટ્રવાદી પક્ષ'** ને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

ઉપરોક્ત પક્ષે તેઓના તા.૧૦-૦૯-૨૦૨૫ના પત્રથી "હાથલાકડી" પ્રતીકની માંગણી કરેલ છે. તે અન્વયે ઉક્ત પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે "હાથલાકડી" પ્રતીક કામચલાઉ ધોરણે પાંચ વર્ષ માટે ફાળવવા વિચારેલ અને આ પક્ષને "હાથલાકડી" પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધા કે સલાહ સૂચન હોય તો તે નિયત સમયમાં રજૂ કરવા વંચાણે લીધેલ (૨) તા.૧૮-૯-૨૦૨૫થી જાહેર નોટિસ આપવામાં આપવામાં આવેલ. જે અન્વયે આ પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાના વાંધા કે સલાહ સૂચન રાજ્ય ચૂંટણી આયોગને મળેલ નથી.

પુખ્ત વિચારણાને અંતે **'ભારતીય રાષ્ટ્રવાદી પક્ષ'** ને "હાથલાકડી" પ્રતીક કામચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૮-૦૨-૨૦૧૨ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧)-૨૨૦૧૨-ક તથા સુધારા આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧)-૨૨૦૧૨-ક, તા.૨૨-૧-૨૦૧૮ અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવે છે.

'ભારતીય રાષ્ટ્રવાદી પક્ષ' ને ફાળવેલ "હાથલાકડી" પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે, જે પક્ષે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનું રહેશે.



રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.11.25 15:58:57 IST